તાપમાન
મહત્તમ : ૩૧.૬ ડીગ્રી
લઘુતમ : ૧૨.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૩૭ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૭૮ | ૧૯ ડિસેમ્બર, ૨૦૧૬, સોમવાર ; માગશર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આર્મી ચીફની નિમણુંકના મામલે રાજકીય વિવાદ

લશ્કરી બાબતોમાં રાજનીતિ ન કરવા વિપક્ષોને ભાજપનું સૂચન

લેફ્ટી જનરલ બિપીન રાવતની નિમણૂંક વર્તમાન સમયમાં રહેલા પડકારોને ધ્યાનમાં લઈને કરવામાં આવી છે : બધા સક્ષમ દાવેદારો હતા : શ્રીકાંત શર્મા

નવીદિલ્હી, તા. ૧૮

નવા સેના પ્રમુખની નિમણૂંકને લઈને કોંગ્રેસના પ્રહારોની ઝાટકણી કાઢતા ભાજપે આજે કહ્યું હતું કે, સંરક્ષણ દળોના મામલામાં કોઈપણ પ્રકારની રાજનીતિ થવી જોઈએ નહીં. સરકારે કહ્યું હતું કે, લેફ્ટી જનરલ બિપીન રાવતને વર્તમાન સુરક્ષા પાસાઓને ધ્યાનમાં લઈને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. પાર્ટીએ કહ્યું છે કે, નવા આર્મી ચીફને પાંચ સિનિયર અધિકારીઓના પુલમાંથી ચૂંટી કાઢવામાં આવ્યા છે. આમાથી તમામ ખુબ જ સક્ષમ અને લાયક દાવેદારો હતા. રાવતની નિમણૂંકને બીજા અધિકારીઓની સામે

● અનુસંધાન પાન-૭ પર

વરિષ્ઠતાની અવગણના કેમ કરાઈ : કોંગ્રેસનો સવાલ

આર્મી ચીફની વરણી વેળા ત્રણ સિનિયર અધિકારીઓની અવગણના કરવામાં આવી હતી : કોંગ્રેસનો સીધો આક્ષેપ

નવી દિલ્હી,તા. ૧૮

લેફ્ટી જનરલ બિપીન રાવત નવા આર્મી ચીફ તરીકે નિમાયા છે. તેઓ ૩૧મી ડિસેમ્બરના દિવસે જવાબદારી સંભાળશે. ૩૩ વર્ષ બાદ આર્મી ચીફની નિમણૂંકમાં સરકારે વરિષ્ઠતાને પ્રાથમિકતા આપી નથી જેને લઈને વિરોધ પક્ષ લાલઘૂમ છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા મનિષ તિવારીએ આ મામલામાં સરકાર પાસેથી જવાબની માંગ કરી છે. મનિષ તિવારીએ વરિષ્ઠતાની અવગણના કેમ કરવામાં આવી તેવો પ્રશ્ન કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

પક્ષોને ૨૦૦૦થી વધુના ડોનેશન પર પ્રતિબંધ જરૂરી

ચૂંટણીમાં કાળા નાણાના ઉપયોગને રોકવા ચૂંટણીપંચે ભલામણ કરી : ચૂંટણી પંચે સરકારને કાયદામાં સુધારા કરવાની માંગ કરી : ૨૦૦૦ રૂપિયાથી વધુના ડોનેશનના સોર્સ અંગે માહિતી આપવા જોગવાઈ બને તે જરૂરી : પંચ

નવીદિલ્હી, તા. ૧૮

ચૂંટણીમાં કાળા નાણાના ઉપયોગ ઉપર બ્રેક મુકવા માટે ચૂંટણી પંચે કમરકસી લીધી છે જેના ભાગરુપે ચૂંટણી પંચે હવે સરકારને કાયદામાં સુધારા કરવાની અપીલ કરી છે. ચૂંટણી પંચ ઈચ્છે છે કે, રાજકીય પક્ષો ૨૦૦૦ રૂપિયાથી વધુના કોઈપણ દાનના સંદર્ભમાં તેના સોર્સ અંગે માહિતી આપે. ચૂંટણી પંચે સરકારને મોકલેલા પોતાના સૂચનમાં કહ્યું છે કે, રાજકીય પક્ષોને ૨૦૦૦થી વધુના મળતા ગુપ્ત દાન ઉપર પ્રતિબંધ મુકવામાં આવે તે જરૂરી છે. રાજકીય પક્ષો દ્વારા વણઓળખાયેલા સોર્સ પાસેથી દાન લેવા ઉપર કોઈપણ પ્રકારની બંધારણીય અથવા કાયદાકીય પ્રતિબંધની જોગવાઈ નથી પરંતુ તેના ઉપર પરોક્ષ આંશિક પ્રતિબંધ ચોક્કસપણે રહેલા છે. લોકપ્રતિનિધિત્વ ધારા ૧૯૫૧ની કલમ ૨૯સી હેઠળ પાર્ટીઓ માટે

૨૦૦૦૦ રૂપિયાથી વધુના દાન લેવા ઉપર તેના સોર્સ અંગે માહિતી આપવાની જરૂર હોય છે. ચૂંટણી પંચે સરકારને ચૂંટણી સુધારા સાથે સંબંધિત જે દરખાસ્તો મોકલી છે તે મુજબ વણઓળખાયેલા સોર્સ પાસેથી ૨૦૦૦ રૂપિયા અથવા તો તેનાથી વધુના દાન ઉપર પ્રતિબંધ મુકવાની માંગ કરવામાં આવી છે. રાજકીય પક્ષોને મળતા ડોનેશનને લઈને ભૂતકાળમાં પણ પ્રશ્નો ઉઠતા રહ્યા છે. ચૂંટણી પંચે અન્ય કેટલીક ભલામણો કરી છે જેના ભાગરુપે એવી દરખાસ્ત પણ કરી છે કે માત્ર એવા જ રાજકીય પક્ષોને ઈન્કમટેક્સમાં છુટછાટ મળવી જોઈએ જે ચૂંટણી લડે છે અને લોકસભા અથવા તો વિધાનસભા ચૂંટણીમાં વિજેતા થાય છે. હકીકતમાં ઈન્કમટેક્સ એક્ટ ૧૯૬૧ની કલમ ૧૩એ મુજબ રાજકીય પક્ષોને આવકવેરામાં છુટછાટ મળેલી છે.

પાંચમી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડ સામે ભારતના ચાર વિકેટે ૩૯૧

રાહુલ-પાર્થિવ પટેલની વચ્ચે પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૧૫૨ રન : વિકેટકીપર પાર્થિવ પટેલના મક્કમ ૭૧ રન

ચેન્નાઈ,તા. ૧૮

ચેન્નાઈના ચેપોક મેદાન પર રમાઈ રહેલી પાંચમી અને અંતિમ ક્રિકેટ મેચના આજે ત્રીજા દિવસે રમત બંધ રહી ત્યારે ઈંગ્લેન્ડના પ્રથમ દાવમાં ૪૭૭ રન ઓલઆઉટના જવાબમાં ભારતે આજે રમત બંધ રહી ત્યારે ચાર વિકેટે ૩૯૧ રન બનાવ્યા હતા. ભારત તરફથી રાહુલ ૧૯૯ રન કરીને આઉટ થયો હતો. રાહુલે શાનદાર બેટિંગ કરીને ૩૧૧ બોલમાં

● અનુસંધાન પાન-૭ પર

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
40

ઈડી દ્વારા ખાનગી બેંકમાં બે ખાતાઓ ફ્રીઝ કરાયા

નવીદિલ્હી,તા. ૧૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા ખાનગી બેંકમાં બે શંકાસ્પદ ખાતા ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે. આ બેંકમાં બંધ કરવામાં આવેલી રૂપિયા ૧૦૦૦ અને ૫૦૦ના દરની નોટમાં ૭૦ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા હતા. નોટબંધીના નિર્ણય બાદ આ રકમ જમા કરવામાં આવી હતી. સૂત્રોએ કહ્યું છે કે, બે બેંક ખાતાઓમાંથી ડિપોઝિટ કરવામાં આવેલી રકમ શંકાસ્પદ કંપનીઓના ખાતાઓ સાથે જોડાયેલી હતી. ઈડીને ખાતા ફ્રીઝ કરવામાં આવ્યા બાદ ૧.૪ કરોડ રૂપિયાની રકમ મળી આવી હતી. મુંબઈ સ્થિત બુલિયન કારોબારીની ભુમિકામાં તપાસ કરવામાં આવી રહી છે. આ ખાતાઓમાં જમા કરવામાં આવેલી કુલ રકમનો આંકડો ૧૦૦ કરોડ રૂપિયાથી પણ વધારેનો છે પરંતુ ૩૦ કરોડ રૂપિયા રિયલ ટાઈમ ગ્રો સેટલમેન્ટ સિસ્ટમ (આરટીજીએસ) મારફતે આ ખાતામાં ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી.

નોટબંધીના પગલે કોલસાની આયાત ઘટે તેવા સ્પષ્ટ સંકેત

આંતરરાષ્ટ્રીય માર્કેટમાં તેલની કિંમત વધી

નવીદિલ્હી,તા. ૧૮

નોટબંધી અને આંતરરાષ્ટ્રીય માર્કેટમાં તેલની કિંમતોમાં ઉલ્લેખનીય સુધારો થયા બાદ કોલસાની આયાતમાં આ મહિનામાં ઘટાડો થાય તેવી પ્રબળ શક્યતા દેખાઈ રહી છે. નવેમ્બર મહિનામાં આયાત ૧૬ટકા સુધી ઘટીને ૧૪ મિલિયન ટન પહેલાથી જ થઈ ચુકી છે ત્યારે ડિસેમ્બર મહિનામાં પણ કોલસાની આયાતમાં વધુ ઘટાડો થવાની શક્યતા દેખાઈ રહી છે. તમામ પ્રકારના કોલસાની આયાત નવેમ્બર ૨૦૧૬માં નવેમ્બર ૨૦૧૫માં ૧૬.૮૭ મિલિયન ટનની સામે ૧૪.૧૧ મિલિયન ટન રહી હતી. સેલ અને તાતા સ્ટીલ દ્વારા સંયુક્તરીતે વેચાણ પ્લેટફોર્મ ઉભા કરવામાં આવ્યા છે. જાણકાર અધિકારીઓનું કહેવું છે કે, આંતરરાષ્ટ્રીય કોલસાની કિંમતમાં સતત પ્રવાહી સ્થિતિ પ્રવર્તી રહી છે જેથી વિદેશી સોદાબાજી કરતી વેળા તેની માઠી અસર રહી શકે છે. આ ઉપરાંત રૂપિયા

● અનુસંધાન પાન-૭ પર

હજુ શેરબજારમાં ઉથલપાથલ રહેશે

શેરબજારમાંથી વિદેશી રોકાણકારો વધુ નાણાં ખેંચવાના મુડમાં : ગ્લોબલ માઈક્રો ઈકોનોમી ડેટા, ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારા, રૂપિયાની ચાલ અને ટેકનિકલ પરિબળ વચ્ચે શેરબજારમાં પ્રવાહી સ્થિતિ રહી શકે છે

નવીદિલ્હી, તા. ૧૮

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતા કારોબારી સેસનમાં જોરદાર ઉથલપાથલ જોવા મળે તેવી શક્યતા છે. કારણ કે મુખ્યરીતે પાંચ પરિબળોની અસર દલાલ સ્ટ્રીટ પર જોવા મળી શકે છે. જે પરિબળોની અસર દલાલ સ્ટ્રીટ પર થનાર છે તેમાં ગ્લોબલ માઈક્રોઈકોનોમિક ડેટા, ક્રુડ ઓઈલની કિંમતો, ડોલરની સામે રૂપિયાની ચાલ અને ટેકનિકલ પાસાનો સમાવેશ થાય છે. યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા બુધવારના દિવસે વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરી દીધા બાદ વૈશ્વિક માર્કેટમાં મંદીનુ મોજુ ફરી વળ્યુ હતુ. ફેડ રિઝર્વ દ્વારા એવો સંકેત પણ આપવામાં આવ્યો છે કે આગામી વર્ષમાં રેટમાં વધારો હજુ કરવામાં આવી શકે છે. તેના

સંકેતથી દહેશત વધી ગઈ છે. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૬ના દિવસે પુરા થયેલા સપ્તાહમાં બીએસઈ સેંસેક્સ ૨૫૮ પોઈન્ટ ઘટીને ૨૨૬૪૯૦ની સપાટી પર રહ્યો હતો. આ ઈન્ડેક્સ નવમી ડિસેમ્બરના દિવસે ૨૬૭૪૭ની સપાટી પર રહ્યો હતો. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં ૧૨૨ પોઈન્ટનો ઘટાડો થયો હતો. જેથી તેની સપાટી ૮૧૩૯ની સપાટી પર રહ્યો હતો. તે પહેલાના સપ્તાહમાં તેની સપાટી ૮૨૬૨ રહી હતી. નવા કારોબારી સેશનમાં ગ્લોબલ માઈક્રોઈકોનોમિક ડેટાની અસર જોવા મળશે. બુધવારના દિવસે યુએસ વર્તામન હોલ્મ સેલ્સ અને ક્રુડ ઓઈલના આંકડા જારી કરવામાં આવનાર છે. સંસ્થાકીય રોકાણકારો તમામ સ્થિતી પર નજર રાખી રહ્યા છે. એવી અપેક્ષા છે કે યુએસ ફેડ દ્વારા વ્યાજદરકમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરી દીધા

● અનુસંધાન પાન-૭ પર



આજથી સ્નેપડિલ અનબોક્સ ૨૦૧૭ સેલ

ગ્રાહકોને ઇલેક્ટ્રોનિક્સ પર વધુ ઓફર : ક્રેડિટ, ડેબિટ કાર્ડથી ખરીદી કરવા પર ૧૦ ટકા તરત ડિસ્કાઉન્ટ : આઈફોન એસઈ પર ૨૮ ટકા ડિસ્કાઉન્ટ

નવીદિલ્હી,તા. ૧૮

સ્નેપડિલ અનબોક્સ ૨૦૧૭ સેલ આજથી એક્ટિવ થઈ ગયા બાદ તેના ઉપર સેલ ૧૯મી ડિસેમ્બરથી શરૂ થશે. આવતીકાલથી સેલ તેના ઉપર શરૂ થયા બાદ તેને કેવો પ્રતિસાદ મળે છે તેના ઉપર હવે કારોબારીઓની નજર રહેશે. સ્નેપડિલ અનબોક્સ ૨૦૧૭ સેલ દરમિયાન લોકોને અનેક કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ પર શાનદાર ઓફર મળી શકે છે. ક્રેડિટ કાર્ડ અથવા તો ડેબિટ કાર્ડથી ખરીદી ઉપર ૧૦ ટકા સુધી તરત ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. સ્નેપડિલ ઉપર સૌથી શાનદાર ઓફરના સંદર્ભમાં વાત કરવામાં આવે તો લી ઈકો લી-૨ (૩૨જીબી) ૧૧૯૯૯ રૂપિયામાં ઉપલબ્ધ રહેશે. તેની સાથે જ ૭૪૯ રૂપિયામાં ફોન ડેમેજ માટે ઈન્સ્યોરન્સ પણ કરવામાં આવશે. આ ઉપરાંત ખરીદદારને ૪૯૯૦ રૂપિયા લીઈકો મેમ્બરશીપ ફ્રીમાં આપવામાં આવશે. ફ્રી જીઓ સિમ પણ આપવામાં આવશે.

ઓપો એફવનએસ (૬૪જીબી) પર પાંચ ટકા ડિસ્કાઉન્ટની સાથે વેચવામાં આવશે. એચડીએફસી ક્રેડિટ કાર્ડ યુઝર્સ ૧૨ ટકાની બચત કરી શકે છે. ફોનની ખરીદદારીની સાથે જ એક મોબાઈલ કવર સંપૂર્ણ ફ્રીમાં આપવામાં આવશે. આઈફોનએસઈ (૧૬જીબી) સ્નેપડિલ ઉપર ૨૮ ટકા ડિસ્કાઉન્ટની સાથે ઉપલબ્ધ કરવામાં આવશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
Kurl-on PU FOAM
SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

MARUTI True Value
MARUTI SUZUKI
Way of Life!
NEXA DEALER
GA
TANU MOTORS PVT.LTD
Email:tanu.sm@marutidealers.com
99099 53322
પાલનપુર: આબુ હાઈવે • ડીસા:એસ્સાર પેટ્રોલપંપની પાસે,ભીલડી હાઈવે • ઉંઝા:ઉંઝા ધાણાદાળ ફેક્ટરી સામે • મહેસાણા: મહેસાણા-ઉંઝા હાઈવે,રામસોણા ચોકડી
પાલનપુર | ડીસા | ઉંઝા | મહેસાણા | થરા | થરાદ | ધાનેરા | દિયોદર | દાંતા | સતલાસણા
હેલ્પલાઈન.સેલ્સ: ૯૦૯૯૯૯૯૨૨૨ • સર્વિસ: ૯૯૦૯૦૦૬૦૭૦ • ઈન્સ્યોરન્સ: ૯૯૭૮૯ ૦૪૧૨૩
એક્ષચેન્જ: ૯૯૦૯૦૦૬૦૯૫ • એકસીડન્ટ: ૯૭૨૭૭૯૫૯૪૮ • ડ્રાઈવિંગ: ૯૯૦૯૯૫૩૩૨૨